**અમદાવાદના મહે. એડિ. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ નં. : ૨૦ સમક્ષ, મુ. અમદાવાદ**

**ફોજદારી કેસ નંબર : ૨૩૮/૧૯૯૭**

**// એ.પી.પી.શ્રીની કેસ પરત ખેંચવાની અરજી લગત કેસ વિથડ્રોઅલથી ફેંસલ કરવાનો હુકમ //**

વિધ્વાન એ.પી.પી.શ્રીની અરજી વંચાણે લીધી તથા મે. જીલ્લા મેજી., અમદાવાદનાએ તેમના તા.૦૯/ ૦૯/ ૨૦૨૧ના નં.ડીસી/એડીએમ/૫૯૮૨ કેસ પરત ખેંચવા/૨૦૨૧થી આવેલ પત્રને વંચાણે લીધો. સદર પત્રથી જીલ્લા મેજી. અમદાવાદનાએ આ કેસ પરત ખેંચવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપેલી છે. આ કેસ ડોરમેન્ટ/૨૦ વર્ષ જૂનો કેસ છે અને ઘણાં લાંબા સમયથી કોર્ટમા પેંડીગ છે અને આ કેસમા આરોપી લાંબા સમયથી મળી આવતો નથી અને ભવિષ્યમાં મળી આવે તેવી શકયતા પણ જણાતી નથી અને તેના કારણે આ કેસ વધુ કાર્યવાહી થવા સિવાય પેન્ડીગ રહેલ છે. વધુમાં આ કેસ નજીવી સજાને પાત્ર ગુનાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય, શકિત અને નાણાંના વ્યય સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસમાં પુરતું ધ્યાન આપી ગંભીર ગુનાના કેસો કાળજીપૂર્વક ચલાવી શકે તે માટે અને અદાલતમાં પેંડીગ ફોજદારી કેસોનું ભારણ ઓછું થાય તે માટે જાહેર હીતમાં તથા ન્યાયના હિતમા વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવો યોગ્ય તથા ન્યાયના હિતમા જણાય છે આથી નીચે મુજબનો હુકમ કરૂં છું.

**// હુ ક મ //**

આથી ક્રિ.પ્રો.કો.કલમ : ૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને આ કેસ પરત ખેંચવા સંમતિ આપી આ કેસ વિડ્રોઅલથી ફેંસલ કરવા હુકમ કરવામાં આવે છે અને આરોપીને આ કેસમાં જણાવેલ ગુનામાંથી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

**મુદ્દામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે. :–**

૧) મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.
૨) મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.
૩) પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવું.
૪) બિનકિંમત મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

આ હુકમ આજરોજ **સ્પેશ્યલ સીટીંગ**માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧/ ૦૯/૨૦૨૧
અમદાવાદ

**(કુ.એસ.પી.પટેલ)**
**કોડ નં. ૦૧૧૨૩**
એડિશ્નલ ચીફ મટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબર ૨૦, અમદાવાદ.